By mail

ક્રમાંક- ઘ/માધ્ય/પેન-૧/સી.પી.એફ./૨૦૧૯/ ૬૨૪૩-૭૩

કમિશનર શાળાઓની કચેરી
બ્લોક નં-૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન
ગુ.રા.ગાંધીનગર
તા/ ૮/૦૨/૨૦૧૯

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ.

વિષય:- બિન સરકારી માધ્યમિક અને ઉ.મા. શાળાઓની કર્મચારીઓના નવ વર્ધિત પેન્શન યોજના અંતર્ગત કર્મચારીએ મેળવેલ PRAN ની વિગતમાં અધુરાશ હોવા બાબત.

સંદર્ભ:- નિયામકશ્રી પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી ગાંધીનગરનાં પત્ર ક્રમાંક:- ડીપીપી/નવ વર્ધિત પેન્શન યોજના/૨૫૩૨ તા. ૦૮/૦૨/૨૦૧૯

ઉપરોક્ત વિષય તથા સંદર્ભ દર્શિત પત્રની નકલ આ સાથે સામેલ છે. જે અન્વયે NSDL તથા PFRDA દ્વારા આ સાથેનાં પત્રક મુજબનાં કર્મચારીનાં Permanent Retirement Account Number(PRAN) માં જરૂરી વિગતો જેવી કે મોબાઈલ નંબર, બેંકની વિગતો, નોમીનેશન ની વિગતો, ઇ-મેઇલ આઇ.ડી., PAN નંબર, NON-IRA(NON-Individual Retirement Account) જેવી વિગતો ઉમેરવા/અદ્યતન કરવા જણાવેલ છે.

Non-IRA એટલે કે અધિકારીઓ/કર્મચારીઓનાં PRAN ફાળવેલ છે અને તેઓની કપાત પણ થાય છે. પરંતુ તેમણે PRAN Kit મળેલ નથી. તેવાં અધિકારીઓ/કર્મચારીઓનાં કે જેનાં NON-IRA (PRAN) Account છે તેઓને IRA માં તબદીલ કરવું ખુબ જ જરૂરી છે અન્યથા તેમાં કપાતનાં પ્રશ્નો ઉભા થવાની સંભાવનાઓ છે. કારણકે આવા ખાતાઓને Deactivate (તાત્કાલિક ધોરણે) બંધ કરવાની NSDL એ સૂચના આપેલ છે. PRAN ને NON-IRA માંથી IRA માં કરવા માટે CSRF ૧.૩ Version ફોર્મ સાથે કેન્સલ કરેલ અસલ ચેક અથવા પાસબુકની ઝેરોક્ષ સામેલ રાખવાની રહેશે તથા NON IRA માટે CSRF ૧.૩ Version ફોર્મ ના ઉપરના ભાગે લાલપેનથી CPF તથા PRAN નંબર લખવાફરજીયાત છે.

આ સંદર્ભે અત્રેની કચેરી દ્વારા તથા NSDL કચેરી દ્વારા સૂચનાઓ પણ પાઠવેલ છે તેમ છતાં ઉપરોક્ત દર્શાવેલ વિગતો NSDL કચેરીને પુરી પાડવામાં આવેલ નથી. જો આ વિગતો NSDL ને સત્વરે પુરી પાડવામાં નહી આવે તો તેઓના PRAN નંબર Deactivate કરવામાં આવશે અને કપાત જમા થઈ શકશે નહી. જેથી આ સાથે સામેલ પત્રક મુજબનાં કર્મચારીઓનાં કેસમાં CSRF ૧.૩ Version ફોર્મ તેમજ કેન્સલ કરેલ અસલ ચેક અથવા પાસબુકની ઝેરોક્ષ અત્રેની કચેરીને નીચે જણાવેલ તારીખ પ્રમાણે મોકલી આપવા અચુક જણાવવામાં આવે છે. જિલ્લા વાર બાકી NON IRA માંથી IRA કરવા માટેCSRF ૧.૩ ફોર્મ ભરવા માટે આ સાથે Excel ફાઈલમાં વિગતો મોકલી આપવામાં આવે છે.

ઉપર મુજબની જિલ્લા વાર બાકી NON IRA માંથી IRA કરવા માટેCSRF ૧.૩ ફોર્મ જણાવેલ તારીખે અત્રેની કચેરી ખાતે જિલ્લા શિક્ષણાધિકારી કચેરી તરફથી રજૂ કરવામાં નહી આવે અને કર્મચારીનાં PRAN નંબર Deactivate થશે અને કપાત જમા થઈ શકશે નહિ તો તે અંગેની જવાબદારી જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની અંગત રહેશે. જેની ખાસ નોંધ લેશો. કેમ્પમાં CPF ની કામગીરી કરતા કર્મચારી હાજર રહે તે ધ્યાને રાખશો.

| ક્રમ | જિલ્લાનું નામ | તારીખ | સમય |
| --- | --- | --- | --- |
| ૧ | અમદાવાદ ગ્રામ્ય, અમ.સિટી, ગાંધીનગર, આણંદ, અમરેલી | ૦૬/03/૨૦૧૯ | ૧0:30 કલાકથી |
| | બનાસકાંઠા, ભાવનગર, જામનગર, જુનાગઢ, | | ૦૨:30 કલાકથી |
| ૨ | છોટાઉદેપુર, ખેડા, પાટણ, પંચમહાલ | ૦૭/03/૨૦૧૯ | ૧0:30 કલાકથી |
| | વલસાડ, તાંપી, કચ્છ, નર્મદા, નવસારી | | ૦૨:30 કલાકથી |
| 3 | રાજકોટ, સાબરકાંઠા | ૦૮/03/૨૦૧૯ | ૧0:30 કલાકથી |
| | સુરત, સુરેન્દ્રનગર, વડોદરા | | ૦૨:30 કલાકથી |

બિડાણ:- નીચે જણાવેલ ABC પત્રકો

<u>પત્રક A-</u> NON IRA માંથી IRA કરવા અંગે જિલ્લાવાર CSRF 1.3 ફોર્મ ની કર્મચારીયોની યાદી

<u>પત્રક B-</u> નોમીની/બેંક ડીટેલ/મોબાઈલ/ઇ-મેઇલ/પાન કાર્ડ જેવી વિગતો ઉમેરવા/અદ્યતન કરવા અંગે S-2 ફોર્મ ભરવા અંગેની કર્મચારીઓની યાદી <u>(પત્રક-B મેળવવા માટે આ સાથે મોકલેલ એકસેલ શીટમાં આપના જિલ્લાનું નામ પસંદ કરી, ફિલ્ટરથી આપના જિલ્લાની તમામ માહિતી મેળવી જણાવેલ કાર્યવાહી કરવાની રહેશે.)</u>

<u>પત્રક C-</u> NSDL ખાતે ફાઈનલ વીથડ્રોવલના બાકી કેસોની કર્મચારી વાઈઝ યાદી.જેની વિગતવાર દરખાસ્ત ડી.પી.પી.એફ. કચેરીને મોકલી આપવી તથા તે મોકલવા અંગેની જાણ અત્રેની કચેરીને કરવાની રહેશે.

નોંધ:- મોબાઈલ નંબર તથા ઈ-મેઇલ જેવી વિગતો ઉમેરવા/અદ્યતન કરવા કર્મચારીએ જાતે NSDL ની વેબસાઈટ પરથી ઓનલાઈન કરી શકશે. પણ તેને PPA નંબર અને PRAN Kit મળેલ હોવી જોઈએ તો જ કરી શકશે. તેમજ ઉપર જણાવેલ પત્રકો માં દર્શાવેલ કર્મચારીઓ સિવાયની કોઈ માહિતી રજૂ કરવાની રહેશે નહી.

સંયુક્ત શિક્ષણ નિયામક
માધ્યમિક
ગુ.રા.ગાંધીનગર